
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૭૯, પોષ સુદ-૧૫ તા. : ૦૬-૦૧-૨૦૨૩, શુક્રવાર

17



શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૭ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

## <u>નમન કરું ગિરનારને !</u>

*सारं सिद्धगरेर्यदेव विदितं यन्नेमिनः स्वामीनः,*
*कंदर्प द्वपदर्पमर्दणहरेर्वीरावदातास्पदम ॥*
*यन्नि : संख्यमहर्षिकेवलरमासंयोगसंकेतभू,*
*स्तीर्थश्रीगिरिनारनाम तदिदं दिष्ट्या नमस्कुर्महे ?*

**અર્થ :-** જે શ્રી ગિરનાર નામનું તીર્થ સિદ્ધગિરિનો સાર છે, તથા કામદેવરૂપી હાથીના દર્પને નાશ કરવામાં સિંહ સમાન એવા શ્રી નેમિનાથ પ્રભુના વીરપણાનું સ્થાનક છે, તથા જે સંખ્યા વિનાના મહાન ઋષિઓનું કેવળજ્ઞાનરૂપી સ્ત્રીના સંયોગની સંકેતની ભૂમિસરખું છે. એવા તે શ્રી ગિરનારજી નામના તીર્થને સારી રીતે હું નમું છું.

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
"સહુને આનંદ સહુનું કલ્યાણ"
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૭ સળંગ અંક : ૧૭

પ્રકાશન

વિ.સં. ૨૦૭૯, પોષ સુદ-૧૫ તા. : ૦૬-૦૧-૨૦૨૩, શુક્રવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

**વિ.સં. ૨૦૭૯, ફાગણ વદ - ૮,બુધવાર**

**તા. ૧૫-૦૩-૨૦૨૩ના દિવસે આયોજિત દાદાના ૧૮ અભિષેક**

પરમ પવિત્ર શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર લાખો શ્રદ્ધાળુ ભક્તભજનોની શ્રદ્ધાના કેન્દ્ર સમાન મૂળનાયક પ્રથમ તીર્થંકર પરમાત્મા શ્રી આદિનાથ દાદાને, શ્રી રાયણપગલા (પ્રભુના ચરણપાદુકા)ને,મહિમાવંત રાયણવૃક્ષને, શ્રી પુંડરીકસ્વામી ભગવાનને તથા શ્રી શાંતિનાથ ભગવાન આદિ જિનબિંબોને વિવિધ મંત્રાનુષ્ઠાનમય અઢાર અભિષેક કરવાનો લાભ

**''શ્રીમતિ અંચીબાઈ નેમિચંદજી લૂણિયા ચેરીટેબલ ટ્રસ્ટ''**

**હસ્તે :** જશવંતરાજજી લૂણિયા અમરાવતીવાળા એ લીધો છે.

**હાર્દિક અનુમોદના**

## ગિરનાર એટલે ગિરનાર !

અજોડ, અનુપમ, અદ્વિતીય અને અપૂર્વ અધ્યાત્મની અનુભૂતિના અજવાળા પાથરતી પાવન તીર્થ ભૂમિ એટલે ગિરનાર !

શાશ્વત ગિરિ શત્રુંજય મહાતીર્થની સાથે જેનું નામ લેવાય છે, એવા ગિરનાર, ગિરનારની ભૂમિની પ્રાચીનતા સ્વયંસિદ્ધ છે.

અતીત ચોવીશીના દસ તીર્થંકરો જ્યાંથી નિર્વાણ પામ્યા.. અનાગત ચોવીશીના તમામ તીર્થંકરો જ્યાંથી નિર્વાણ પામશે. વર્તમાન ચોવીશીના ૨૨માં તીર્થંકરના દીક્ષા-કેવળજ્ઞાન અને નિર્વાણ - ત્રણ કલ્યાણકોથી જેના પરમાણુઓ ઉર્જસ્વી અને ઓજસ્વી છે.

જ્યાં જુદી જુદી ટૂંકોમાં જિનમંદિરોનો સમૂહ પાવનકારી પવિત્રતાની પગથાર જેવો છે ! જેના ૩૮૦૦ જેટલા પગથિયા સેંકડો, હજારો... લાખો શ્રદ્ધા સંપન્ન સાધકો, યાત્રિકો, ભક્તો અને ઉપાસકોના આગમનથી ધન્ય બન્યા છે. જ્યાંના દેરાસરો દેવાલયો અનેક શ્રેષ્ઠિઓની સંપત્તિથી મઢાઈને જગવિખ્યાત બન્યા છે.

સમયે સમયે જીર્ણોદ્ધાર પામીને નિત્યનૂતનતાને જે દેવાલયો દીપ્તિમાન બનાવે છે એવા શ્રી ગિરનાર તીર્થ તથા તીર્થાધિપતિ શ્રી અરિષ્ટનેમિ - નેમિનાથ પરમાત્માનો જય થાઓ ! વિજય થાઓ !

**-: દાદાના શિખરે ધ્વજા રોહણ :-**

શાશ્વત ગિરિરાજ શત્રુંજય તીર્થાધિપતિ પરમાત્મા ૠષભદેવ ભગવાનની મુખ્ય જિનાલયમાં મૂળનાયકની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૮૭માં વૈશાખ વદ-૬ના દિવસે અનેક મહાન આચાર્ય ભગવંતો સાથે મુખ્ય પ્રતિષ્ઠાચાર્ય પૂજ્ય વિદ્યામંડનસૂરિજીના વાસનિક્ષેપપૂર્વક ચિતૌડ (મેવાડ)ના પુણ્યશાળી મંત્રી કરમાશા દોશી પરિવારે કરી હતી. ચાલુ વરસે એ પ્રતિષ્ઠાને ૪૯૧ વરસ પૂરા થાય છે. વૈશાખ વદ -૬,ના ગુરુવાર ૧૧-૫-૨૦૨૩ ના દિવસે ૪૯૨મી ધ્વજા ચઢાવવામાં આવશે.

**દાદાના દેરાસરના શિખરે ધ્વજારોહણ કરાવવાનો પુણ્યલાભ શ્રી રીખવચંદ ત્રિભુવનદાસ (વાવવાળા)- સુરત પરિવારે લીધો છે.**

## નેમિનાથ પ્રભુની પ્રતિમાની પ્રાચીનતાનો કાળ :

ગત ઉત્સર્પિણીના પ્રથમ આરાના ૨૧૦૦૦વર્ષ + બીજા આરાના ૨૧૦૦૦ વર્ષ + ત્રીજા આરાના ૮૪૨૫૦ વર્ષ બાદ શ્રી સાગર તીર્થંકર થયા હોવાથી ૨૧૦૦૦ + ૨૧૦૦૦ + ૮૪૨૫૦ = ૧૨૬૨૫૦ વર્ષ વીત્યા બાદ અમુક વર્ષે બ્રહ્મેન્દ્ર દ્વારા પ્રતિમા ભરાવેલ હશે તેથી ગત ઉત્સર્પિણીના ૧૦ કોડાકોડીસાગરોપમમાંથી સાધિક ૧૨૬૨૫૦ વર્ષ ઓછો કાળ ગત ઉત્સર્પિણી કાળનો થયો.

૧૨૬૨૫૦ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમમાં વર્તમાન અવસર્પિણી કાળના ૧૦ કોડાકોડી સાગરોપમ કાળમાંથી છઠ્ઠા આરાના ૨૧,૦૦૦ વર્ષ તથા પાંચમાં ૧૮૪૮૪ વર્ષ બાદ કરતાં ૩૯૪૮૫ વર્ષ ન્યૂન આ અવસર્પિણીકાળની પ્રાચીનતાનો થાય ૧૨૬૨૫૦ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમ + ૩૯૪૮૫ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમ ૧૬૫૭૩૫ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ વર્તમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા ૧૬૫૭૩૫ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે. આ પ્રતિમા વર્તમાન સ્થાન ઉપર પ્રતિષ્ઠિત થયાનો કાળઃ

શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી પ્રતિષ્ઠિત થયેલ હોવાથી તેમના શાસનના શેષ ૮૨૦૦૦ વર્ષ + શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનના ૨૫૦ વર્ષ + શ્રી મહાવીરસ્વામીના શાસનના ૨૫૩૫ વર્ષથી આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલ છે.

૮૨૦૦૦-૨૫૦+૨૫૩૫ વર્ષ = ૮૪૭૮૫ વર્ષથી આ પ્રતિમા આ સ્થાને બિરાજમાન છે.

# ગિરનાર છે કલ્યાણક ભૂમિ

ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મહાસિદ્ધિ અર્થાત મોક્ષપદને પામેલા છે. બીજા અનંતા તીર્થંકરોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે. તેમજ અનેક મુનિઓ પણ મોક્ષપદને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.

ગઈ ચોવીસીમાં થયેલા ૧. શ્રી નમીશ્વર ૨. શ્રી અનિલ ૩. શ્રી યશોધર ૪. શ્રી કૃતાર્થ ૫. શ્રી જિનેશ્વર ૬. શ્રી શુદ્ધમતિ ૭. શ્રી શિવંકર અને ૮. શ્રી સ્યન્દન નામના આઠ તીર્થંકર ભગવંતોના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને અન્ય બે તીર્થંકર ભગવંતના માત્ર મોક્ષકલ્યાણક ગિરિવર ઉપર થયા હતા.

વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા - કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર ઉપર થયા છે તેમાં દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક સહસાવન (સહસ્ત્રામ્રવન)માં તથા મોક્ષકલ્યાણક પાંચમી ટૂંક ઉપર થયેલ છે.

આવતી ચોવીસીમાં થનારા ૧. શ્રી પદ્મનાભ ૨. શ્રી સુરદેવ ૩. શ્રી સુપાર્શ્વ ૪. શ્રી સ્વયંપ્રભ ૫. શ્રી સર્વાનુભૂતિ ૬. શ્રી દેવશ્રુત ૭. શ્રી ઉદય ૮. શ્રી પેઢાલ ૯. શ્રી પોટ્ટીલ ૧૦. શ્રી સત્કીર્તિ ૧૧. શ્રી સુવ્રત ૧૨. શ્રી અમમ ૧૩. શ્રી નિષ્કષાય ૧૪. શ્રી નિષ્પુલાક ૧૫. શ્રી નિર્મમ ૧૬. શ્રી ચિત્રગુપ્ત ૧૭. શ્રી સમાધિ ૧૮. શ્રી સંવર ૧૯. શ્રી યશોધર ૨૦. શ્રી વિજય ૨૧. શ્રી મલ્લિજિન ૨૨. શ્રી દેવ આ બાવીસ તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક તથા ૨૩. શ્રી અનંતવીર્ય ૨૪. શ્રી ભદ્રકૃત આ બે તીર્થંકર પરમાત્માના દીક્ષા - કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ભવિષ્યમાં ગિરનાર મહાતીર્થ ઉપર થશે.

ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના રહનેમિ સહિત આઠ ભાઈઓ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ અનેક કુમારો, કૃષ્ણ મહારાજાની આઠ પટ્ટરાણીઓ, સાધ્વી રાજીમતિશ્રી આદિ અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પામ્યા છે અને કૃષ્ણ મહારાજાએ તો આ તીર્થભક્તિના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધેલ છે તેથી તેમનો આત્મા આવતી ચોવીસીમાં બારમાં તીર્થંકર શ્રી અમમ સ્વામી બની મોક્ષપદને પામશે.

ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાન ઉપર અવિહડરાગના પ્રભાવે ધામણઉલી ગામના ધાર નામના વેપારીના પાંચપુત્રો ૧. કાલમેઘ ૨. મેઘનાદ ૩. ભેરવ ૪. એકપદ અને ૫. ત્રૈલોક્યપદ આ પાંચેય પુત્રો મરીને તીર્થના ક્ષેત્રાધિપતિ દેવ થાય છે.

ગિરનાર મહાતીર્થમાં વિશ્વની સૌથી પ્રાચીન એવી મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ ગઈ ચોવીસીના ત્રીજા સાગરનામના તીર્થંકરના કાળમાં બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલ હતી. આ પ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યાને લગભગ ૮૪,૭૮૫ વર્ષ થયા છે. તે મૂર્તિ આ જ સ્થાને હજુ લગભગ ૧૮,૪૬૫ વર્ષ સુધી પૂજાશે ત્યારબાદ શાસન અધિષ્ઠાયિકા દ્વારા પાતાળલોકમાં લઈ જઈને પૂજાશે.

**-: વૈયાવચ્ચનો લાભ :-**

એપ્રીલ-૨૨ થી નવેમ્બર-૨૨ દરમ્યાન પેઢી દ્વારા શ્રમણ-શ્રમણી ભગવંતોની વૈયાવચ્ચ માટે અમદાવાદ શાખામાં **શ્રમણ ભગવંત - ૮૫ તથા ૮૧૧- શ્રમણી ભગવંતોનો** લાભ મળ્યો હતો. અંદાજે ચોવીસ લાખ અઠ્યોતેર હજાર રૂપિયાનો વ્યય વૈયાવચ્ચ માટે કરવામાં આવેલ.

## શ્રી ગિરનારજી મહાતીર્થના જિનાલયોની જીર્ણોદ્ધાર ગાથા

જિનાલયોના સમયે સમયે જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. વરસોથી ગિરનારજી તીર્થનો વહીવટ શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢી કરતી હતી. કાળક્રમે વિક્રમ સંવત ૧૯૬૩ (ઈ.સન્ ૧૯૦૭) આસપાસ શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢીનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોંપાયો. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તેજ નામે આ તીર્થનો વહીવટ કરી રહી છે.

વિક્રમ સંવત ૧૯૭૯ (ઈ.સન્ ૧૯૨૩)માં આચાર્ય ભગવંત નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના ઉપદેશથી દેશ-વિદેશના જૈન સંઘોના આર્થિક સહકારથી ગિરનારજી તીર્થનો જીર્ણોદ્ધાર થયો. તેઓશ્રીના ઉપદેશથી મુંબઈ, અમદાવાદ તથા વેરાવળના સદ્ગૃહસ્થોની કમિટિ બની. તેની દેખરેખ નીચે જીર્ણોદ્ધારનું કામ કરવામાં આવ્યું. પૂ. આચાર્ય ભગવંતના પ્રભાવથી રંગૂન, એડન, કોચીન જેવા દૂર સુદૂરના સંઘોએ પણ ઉદારતાપૂર્વક આ કાર્યમાં લાભ લીધો હતો.

વિક્રમ સંવત - ૨૦૨૧ (ઈ.સન્ ૧૯૬૫)માં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના માર્ગદર્શન હેઠળ ગિરનારજી પર્વત પરના મોટાભાગના દેરાસરોને સમારકામ વગેરે કરાવીને વ્યવસ્થિત કરાયા હતા.

પરમ પૂજ્ય તપસ્વી સમ્રાટ આચાર્ય ભગવંત શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબની અનન્ય ભક્તિ આ તીર્થ પ્રત્યે હતી. વરસો પહેલા તેઓશ્રીને સહસાવનની ભૂમિ ઉપર શ્રી નેમનાથ ભગવાનના દીક્ષા કલ્યાણક તથા કેવળજ્ઞાન કલ્યાણકના પ્રતિકરૂપે અથાગ પુરુષાર્થના પરિણામે શ્રી સહસાવન કલ્યાણક ભૂમિ તીર્થોદ્ધાર સમિતિના અન્વયે ભવ્ય સમવસરણ જિનાલયનું નિર્માણ કરાવ્યું. પરમ પૂજ્ય અપ્રતિમ શાસન પ્રભાવક પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબના શિષ્યો પંન્યાસશ્રી

ધર્મરક્ષિતવિજયજી મહારાજ સાહેબ તથા તપસ્વી પંન્યાસશ્રી હેમવલ્લભવિજયજી મહારાજ સાહેબ, આ બંને મહાત્માઓએ ગિરનારજી તીર્થના સંપૂર્ણ વિકાસ માટેનો યજ્ઞ પણ માંડ્યો ! ચતુર્વિધ શ્રી સંઘને આ તીર્થ સાથે જોડવા ભગીરથ પુરુષાર્થ આદર્યો. વિક્રમ સંવત ૨૦૬૫ના વૈશાખ માસમાં ગિરનારજી મહાતીર્થ સ્થિત શ્વેતાંબર જિનાલયોના જીર્ણોદ્ધારનો એક યુગ આરંભાયો. જ્ઞાનવાવ જિનાલય (મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન)ના જીર્ણોદ્ધારથી આરંભાયેલ આ જીર્ણોદ્ધાર - યાત્રા સતત આગળ વધી રહી છે. જીર્ણોદ્ધારના આ તમામ કાર્યો ગિરનારજી તીર્થના જિનાલયોનું મૂળભૂત માળખું, એની પ્રાચીનતા, કળા તથા સ્થાપત્યની સંપૂર્ણ જાળવણી પૂર્વક કરવામાં આવે છે.

જિનાલયોના જીર્ણોદ્ધારના કાર્યોમાં આજીવન આયંબિલ તપના પ્રખર તપસ્વી પૂ. આ. શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબનું માર્ગદર્શન સતત મળતું રહ્યું છે અને મળતું રહેશે. આજે હજારો લાખો ભાવુક ભક્તો આ તીર્થભૂમિના આલંબને ધન્ય બની રહ્યા છે.

## જીર્ણોદ્ધાર સહયોગ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા ભારતભરમાં જિર્ણોદ્ધાર પામતા દેરાસરો અને નવનિર્મિત થતા દેરાસરોને દેવદ્રવ્યમાંથી સારો એવો સહયોગ આપીને લાભ લેવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન ૯ દેરાસરોમાં આઠ કરોડ સત્તાણુ લાખ રૂપિયાનો સહયોગ આપીને દેવદ્રવ્યમાંથી લાભ લેવામાં આવ્યો હતો.

એપ્રિલ - ૨૦૨૨થી નવેંબર ૨૦૨૨ દરમ્યાન ૧૬ સંઘોના જિનાલયોને (૧૦ કરોડ ૭૫ લાખ રૂપિયાનો) સહયોગ આપીને લાભ લેવામાં આવ્યો હતો.

# ગિરનારતીર્થ ઉપરના જિનાલયો

૧. શ્રી નેમનાથજીની ટૂંક
૨. જગમાલ ગોરધનનું જિનાલય (મૂળનાયક-શ્રી આદિનાથ ભગવાન)
૩. મેરકવશીની ટૂંક (મેરકવશીનું મુખ્ય જિનાલય )
મૂળનાયક-સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન)
૪. પંચમેરુનું જિનાલય (મૂળનાયક - શ્રી ઋષભદેવ ભગવાન)
૫. અદબદજીનું જિનાલય (મૂળનાયક - શ્રી ઋષભદેવ ભગવાન)
૬. સગરામ સોનીની ટૂંક (મૂળનાયક - શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન)
૭. કુમારપાળની ટૂંક (મૂળનાયક - શ્રી અભિનંદનસ્વામી)
૮. શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય (મૂળનાયક - શ્રી ચંદ્રપ્રભસ્વામી)
૯. માનસંગ ભોજરાજનું જિનાલય (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૦. વસ્તુપાલ તેજપાલનું જિનાલય
(મૂળનાયક - શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન)
૧૧. ગુમાસ્તાનું દેરાસર (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૨. સંપ્રતિરાજાની ટૂંક (મૂળનાયક - શ્રી નેમિનાથ ભગવાન)
૧૩. જ્ઞાનવાવનું જિનાલય (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૪. શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય (મૂળનાયક - શ્રી શાંતિનાથ ભગવાન)
૧૫. મલ્લવાળુ દેરાસર (મૂળનાયક - શ્રી શાંતિનાથ ભગવાન)
૧૬. ચૌમુખજીનું દેરાસર (મૂળનાયક - શ્રી નેમિનાથ ભગવાન)
૧૭. રહનેમિનું જિનાલય (મૂળનાયક - શ્રી સિદ્ધાત્મા રહનેમિજી)
૧૮. અંબાજીની ટૂંક
૧૯. ગોરખનાથની ટૂંક
૨૦. ઓઘડ ટૂંક
૨૧. મોક્ષ કલ્યાણક ટૂંક
૨૨. કાલિકા ટૂંક
૨૩. સમવસરણ મંદિર

## શ્રી ગિરનારજી મહાતીર્થે
## અતીત, અનાગત અને વર્તમાન ચોવીશીનાં
## જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ

સોરઠ દેશની આન-બાન અને શાન સમાન શ્રી ગિરનારજી તીર્થ મંડન શ્રી નેમિનાથ દાદાની પ્રથમ ટૂંકમાં અમીઝરા પાર્શ્વનાથ દાદાની દેરીમાં અતીત, અનાગત અને વર્તમાન ચોવીશીના જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ પૂ.નેમિસૂરિ સમુદાયના ગચ્છાધિપતિ પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. નીતિસૂરિ સમુદાયના પૂ.આચાર્ય ભગવંત શ્રી અનંતભદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્ય ભગવંતશ્રી પ્રશમેશપ્રભસૂરીશ્વરજી મ.સા., પૂ. સાગર સમુદાયના પૂ.આચાર્ય ભગવંત શ્રી ચન્દ્રરત્નસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. રામચન્દ્રસૂરિ સમુદાયના પૂ. આચાર્ય ભગવંત શ્રી હર્ષશીલસૂરીશ્વરજી મ.સા., પૂ.આચાર્ય ભગવંત શ્રી જયધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. પ્રેમ ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ. આચાર્ય ભગવંત શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મ.સા., પૂ.આચાર્ય ભગવંત શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મ.સા. અને પદસ્થો તથા શતાધિક પૂ. શ્રમણ - શ્રમણી ભગવંતો ની પુણ્યમયી નિશ્રામાં ઉજવાયો હતો.

મહામહોત્સવનો પ્રારંભ વિ.સં. ૨૦૭૯ કારતક વદ - ૧૪, મંગળવાર, તા. ૨૨-૧૧-૨૦૨૨ના દિવસે થયો હતો, અંજન-વિધાન વિ.સં.૨૦૭૯ માગસર સુદ-૪, રવિવાર, તા.૨૭-૧૧-૨૦૨૨ના શુભ મુહૂર્તે થયું હતું. અને પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૭૯ માગસર સુદ-૧૦, શુક્રવાર,

તા. ૦૨-૧૨-૨૦૨૨ના શ્રેષ્ઠ મુહૂર્તે ભારે હર્ષોલ્લાસ પૂર્વક થઈ હતી. દેદીપ્યમાન જિનાલયોના દ્વારોદ્ઘાટન વિ.સં.૨૦૭૯ માગસર સુદ-૧૧, શનિવાર તા. ૦૩-૧૨-૨૦૨૨ના મંગલ પ્રભાતે જય જય શ્રી નેમિનાથના જયઘોષપૂર્વક થયાં હતાં.

પરમ પવિત્ર અંજન - પ્રતિષ્ઠા સંબંધી વિધિ વિધાન માટે વિધિકારક તરીકે શ્રાદ્ધવર્ય પંડિતજી શ્રી વસંતભાઈ એમ. દોશી, શ્રી કનુભાઈ ફોજાલાલ દોશી, શ્રી સંજયભાઈ પાઈપવાળા, શ્રી સુનિલભાઈ ઝાલમોરા, શ્રી દિનેશભાઈ શેઠ અને શ્રી હેમશેખરભાઈ શાહ પધાર્યા હતા. પ્રભુ ભક્તિની ભાવભરી પ્રસ્તુતિ માટે સંગીતકાર શ્રી કેતનભાઈ દેઢીયા અને શ્રી પારસભાઈ મુંબઈથી પધારીને સહુને ભક્તિમાં ભીંજવી દીધા હતા.

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દરરોજ પૂજ્ય ગુરૂભગવંતોના પ્રસંગોચિત પ્રેરણાદાયી પ્રવચનો, પરમાત્મ ભક્તિ, અને સાધર્મિક ભક્તિનો મહામૂલો ત્રિવેણીસંગમ રચાયો હતો. દરરોજ સંધ્યાભક્તિ ભાવના અને પરિસરમાં વિશેષ રંગોળીની આકર્ષક રચનાઓ અને દીવાની રોશની કરવામાં આવી હતી. જીવદયા-અનુકંપા વગેરે શ્રાવક જીવનના કર્તવ્યરૂપ કાર્યો પણ બહુમાન પૂર્વક કરવામાં આવ્યા હતા. આ તમામ આયોજન શેઠ દેવચંદ લક્ષ્મીચંદ (વહીવટ કર્તા :- અખિલ ભારતવર્ષીય જૈન શ્વે. મૂ.પૂ. શ્રી સંઘના પ્રતિનિધિ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી-જૂનાગઢ) દ્વારા લાભાર્થી પરિવારોના ઉદારદિલ યોગદાન તથા શ્રી સંઘના અનેક સમર્પિત શ્રદ્ધાસંપન્ન કાર્યકરોના સાથ-સહકારથી નિર્વિઘ્ને સંપન્ન થયું હતું.

કલ્યાણક ત્રયથી ઉર્જસ્વી અને ઓજસ્વી એવી શ્રી ગિરનારજીની પ્રથમ ટૂંકમાં શ્રી નેમિનાથદાદાના મુખ્ય જિનાલયના રંગમંડપમાં જિનબિંબ, શ્રી વરદત્તાદિ ગણધર ભગવંતો, રહનેમિજી અને રાજીમતીજી, ગુરૂમૂર્તિ તથા નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયક શ્રી ગોમેધયક્ષની જીર્ણોદ્ધારિત દેરીમાં ગોમેધયક્ષની પ્રતિમાજી તથા સુવર્ણ રસિત ધ્વજદંડ - કળશની પ્રતિષ્ઠા તથા શ્રી અંબિકા દેવીની દેરીના શિખરે સુવર્ણ રસિત કળશની પુનઃ પ્રતિષ્ઠા આદિ તથા ભમતીમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના મંડપમાં અતીત તથા અનાગત ચોવીશીના નૂતન જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા તેમજ પ્રાચીન ગુરૂમૂર્તિ, ચરણપાદુકાઓ વગેરેની પુનઃપ્રતિષ્ઠા ભારતભરના ભક્તો દ્વારા હર્ષોલ્લાસ સાથે થઈ હતી.

અતીત ચોવીશીના દસ તીર્થંકરો જ્યાંથી નિર્વાણ પામ્યા. અનાગત ચોવીશીના તમામ તીર્થંકરો જ્યાંથી નિર્વાણ પામશે. વર્તમાન ચોવીશીના ૨૨માં તીર્થંકરના દીક્ષા - કેવળજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણકોથી જેના અણુ અને પરમાણુઓ ઉર્જસ્વી અને ઓજસ્વી છે, સાધનાની શ્રેષ્ઠ ભૂમિ તરીકે સુપ્રસિદ્ધ એવા ગિરનારજી તીર્થનો મહિમા અપરંપાર છે. ૧૦ વર્ષ પૂર્વે જ્યારે આ મહાન તીર્થ ઉપર વર્ષ દરમ્યાન માંડ પાંચ હજાર યાત્રિકોનું આગમન થતું હતું. ત્યાં છેલ્લા બે ત્રણ વર્ષથી ગિરનારજી ગૌરવગાથાને માણવા પાંચલાખ ઉપરાંત યાત્રિકો અને પ્રભુભક્તો પ્રતિવર્ષ આ તીર્થ ભૂમિના આલંબને પધારી રહ્યા છે. બહુમુખી વિકાસ અને વ્યવસ્થાના કારણે શ્રી ગિરનારજી તીર્થ અનેકોની આસ્થાનું સબળ કેન્દ્ર બન્યું છે. જેમાં પૂ. આચાર્ય ભગવંતશ્રી હેમવલ્લભસૂરિજી મહારાજ સાહેબનું પ્રચંડ તપોબળ અને સંયમબળ કામ કરી રહ્યું છે.

## મહોત્સવના પ્રમુખ લાભાર્થી

- ગઢસિવાના નિવાસી શા. રંજનબેન જીતમલજી, જયંતિ, કાંતિ, મુકેશ, દીપક, સંજય, મનિષ બાગરેચા

## મહોત્સવના સહયોગી લાભાર્થી

૧. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.ની કૃપાથી શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ પરિવાર

૨. શ્રી મધુબેન પ્રવિણભાઈ વખારીયા (કોલવડા) તથા શ્રી કલ્પના લાલભાઈ (પામોલ) પરિવાર

## મહોત્સવના આધારસ્તંભ લાભાર્થી

- શ્રી માયાબેન શાંતિલાલ દોશી પરિવાર, નિતીન-તેજલ
- શ્રી શૈલેષભાઈ - મયુરી, મયુરભાઈ - સંગીતા, સેટેલાઈટ
- શ્રી ઈલા અરવિંદભાઈ શાહ, કેનાલી-ઋષભ, હેતાંશી - હેમ
- શ્રી કમળાબેન જયંતીલાલ શાહ, હ. હેમશેખર, દર્શન
- એક સદ્ગૃહસ્થ તરફથી હ. શ્રી તેજસ કોઠારી મુંબઈ, ન્યુયોર્ક
- પાલનપુર નિવાસી શ્રી મંજુલાબેન કીર્તિલાલ હ. દિપ્તી-રાજેન
- શેઠ શ્રી બાબુલલા કકલચંદ પરિવાર (થરાદ)
- માતુશ્રી લહેરીબાઈ ભૂખમલજી ચમનાજી પરિવાર
- શ્રી બિજલબેન દેવેનભાઈ કંપાણી, હ. સન્ના, રોહન
- શ્રી ફેનિકા પરાગકુમાર દોશી, હ. પ્રિયાંશી, હમીશી
- શ્રી શાંતાબેન ફકીરચંદ શાહ, હ. પૂર્ણિમાબેન ભરતભાઈ
- શાહ શ્રી સીતાબેન કાંતિલાલ ભીખાજી પરિવાર - અનાવલ
- શ્રી નિર્મળાબેન નગીનદાસ મહેતા, રૂપા ધીરેનભાઈ શાહ
- શ્રી રજનીબેન રશ્મિભાઈ કંપાણી/કીર્તિબેન મોદી

- શ્રી પૂર્વીબેન મિતેનભાઈ કંપાણી, હ. વિરેન, નીલ, નિશીલ
- શ્રી કુમારપાળ - પ્રવિણા, નિકેશ-ફાલ્ગુની, જૈનીલ, ક્રીશા-મુંબઈ
- દેસાઈ શ્રી ગગલદાસ ડાહ્યાલાલ પરિવાર (થરાદ તીર્થ)
- માતુશ્રી સવિતાબેન નગીનદાસ કંપાણી પરિવાર
- માતુશ્રી વિમલાબેન મોહનલાલ શાહ પરિવાર
- શ્રી ગૌરી અને અનિલભાઈ નગીનદાસ કંપાણી
- શ્રી મધુ અને વિશાલ નિમેષભાઈ કંપાણી
- શ્રી અમીષી અને આકાશ ગંભીર
- શ્રી છગનીદેવી નેમિચંદજી અચલાજી મુત્તા - મુંબઈ
- શ્રી નલીનીબેન ગિરીશ ચુનીલાલ ભીમાણી પરિવાર

## મહોત્સવના અનુમોદક લાભાર્થી

- શ્રી મયુરીકા કિશોર દોશી, દેવાંગ-અનુશ્રી
- શ્રી મીનલબેન શિરીષભાઈ દોશી (કેનેડા)
- શ્રી દેવેશ-પ્રેરણા, નિલેશ-દિપાલી (મુંબઈ)
- શ્રી શર્મિષ્ઠા અને દમયંતીબેન મણીલાલ શાહ
- શ્રી પારૂલબેન ગૌતમભાઈ શાહ, હ. વિશાલ
- શ્રી વીણાબેન મધુભાઈ શાહ, હ. રીખવ, શૈવી
- શ્રી નલીનીબેન ગિરિશ ચુનીલાલ ભીમાણી પરિવાર
- શ્રી શા. શેષમલજી રીખવદાસજી પરિવાર (મુંબઈ)
- સૂરિ હેમવલ્લભ કૃપાપાત્ર સુનંદાબેન પરિવાર

### શ્રી સંઘ નિમંત્રણ પત્રિકાના લિખિતંગના લાભાર્થી

અ.સૌ નિર્મળાબેન પ્રવિણચન્દ્ર ભીખમચંદજી કટારીયા પરિવાર - પૂના
શ્રેણિક-પ્રાચી, રોનક-પાયલ, રેયાન, હ્રિધાન, કિયાના, રાયના

# અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ

## મંગલ કાર્યક્રમ તથા લાભાર્થી

### કારતક વદ-૧૪, મંગળવાર, તા. ૨૨.૧૧.૨૦૨૨

- માણેકસ્થંભ સ્થાપન — શ્રી અલ્કાબેન રાજેશકુમાર શેઠ (થરાદ)
- તોરણ — શ્રી દિપીકાબેન અલ્પેશભાઈ શાહ (થરાદ)
- કુંભસ્થાપન — શ્રી વનીતાબેન પી. શેઠ હ.કેતન, મીના
- અખંડ દીપક સ્થાપના — શેઠશ્રી મણીલાલ પોપટલાલ (અમદાવાદ)
- જવારારોપણ — શ્રી અંગતભાઈ સુરેન્દ્રભાઈ માંડોત, લીમડી(દાહોદ)
- લઘુનંદ્યાવર્ત પૂજન — શ્રી વનીતાબેન પી. શેઠ હ. કેતન, મીના
- ક્ષેત્રપાલ પૂજન — શ્રી મીનાબેન કેતનભાઈ શેઠ (જૂનાગઢ)
- ૧૦ દિક્પાલ પૂજન — શ્રી 'ચંદનવાડી' રે.હ.શાહ પરિવાર
- ૧૬ વિદ્યાદેવી પૂજન — શ્રી સૂર્યકાન્ત દેવચંદ પટવા પરિવાર
- ભૈરવ પૂજન — શ્રી ગુરૂભક્ત પરિવાર
- નવગ્રહ પૂજન — શ્રી અમિષીબેન વિશાલભાઈ ગાંધી
- અષ્ટમંગલ પૂજન — શ્રી વિરલ, ખુશી, જયદીપ, હેતલ, પ્રથમ

### કારતક વદ અમાસ, બુધવાર, તા. ૨૩.૧૧.૨૦૨૨

- લઘુ નવપદ પૂજન — શ્રી ઈલા અરવિંદ શાહ, હ. ઋષભ, હેમ
- વીશ સ્થાનક પૂજન — શ્રી તારાચંદ પરષોત્તમ શેઠ

### માગસર સુદ-૧, ગુરુવાર, તા. ૨૪.૧૧.૨૦૨૨

- **ચ્યવન કલ્યાણક વિધાન**
- માતા-પિતા સ્થાપના — શ્રી નિર્મળાબેન પ્રવીણભાઈ કટારીયા (પૂના)
- ઈન્દ્ર-ઈન્દ્રાણી સ્થાપના — શ્રી પ્રીતિ હિમાંશુ શાહ પરિવાર (યુ.એસ.એ.)
- સ્વપ્ન લક્ષણ પાઠક — શ્રી નિર્મળાબેન રતનશીભાઈ છેડા (મુંબઈ)
- ૧૪ સ્વપ્ન દર્શન — કુમારિકા કન્યાઓ દ્વારા
- દેવ-દેવી પૂજન — શ્રી પૂર્ણિમાબેન ભરતભાઈ શાહ (કેનેડા)

## માગસર સુદ-૨, શુક્રવાર, તા. ૨૫.૧૧.૨૦૨૨

- જન્મકલ્યાણક વિધાન તથા અઢાર અભિષેક : લાભાર્થી પરિવારો દ્વારા

## માગસર સુદ-૩, શનિવાર, તા. ૨૬.૧૧.૨૦૨૨

- પ્રિયંવદા દાસીની વધાઈ   શ્રી ચંપાબેન મણીલાલ દેઢીયા (મુંબઈ)
- નામ સ્થાપન/ફઈયારુ   શ્રી સવિતાબેન ભીખાલાલ દેસાઈ (થરાદ)
- નિશાળ ગમન   શ્રી સેજલ નિમેશ શાહ - ગુરુકૃપાથી
- લગ્ન મહોત્સવ તથા મામેરૂં   શ્રી હંસાબેન વસંતભાઈ મહેતા
- રાજ્યાભિષેક/નવલોકાંતિક દેવોની વિનંતી

## માગસર સુદ-૪, રવિવાર, તા. ૨૭.૧૧.૨૦૨૨

- દીક્ષા કલ્યાણક વરઘોડો   શ્રી રંભાબેન મણીલાલ શાહ હ. મુકેશભાઈ
- કુલમહત્તરા   શ્રી મયુરીકાબેન કિશોરભાઈ દોશી, ન્યુજર્સી
- અંજન કૂટવાની વિધિ   જીયા, માયશા, હેમાલી, ધરિત બારભાયા
- રાત્રે અધિવાસના તથા અંજન વિધિ

## માગસર સુદ-૫, સોમવાર તા. ૨૮.૧૧.૨૦૨૨

- નિર્વાણના ૧૦૮ અભિષેક   લાભાર્થી પરિવારો દ્વારા

## માગસર સુદ-૬, મંગળવાર તા. ૨૯.૧૧.૨૦૨૨

- ગિરનારજી ઉપર પ્રતિમાજીના પ્રવેશ વખતે પોંખણા
  શ્રી મતી સુશીલાબેન રમણીકલાલ કોઠારી

## માગસર સુદ-૭, બુધવાર, તા. ૩૦.૧૧.૨૦૨૨

- કુંભ સ્થાપન   શ્રી ભાવિનભાઈ ભીમાણી, યુ.એસ.એ.
- અખંડ દીપક સ્થાપન   શ્રી તેજસભાઈ રમણીકલાલ કોઠારી
- જ્વારારોપણ   શ્રી આકાશી સ્મિત શેઠ (થરાદ)
- નવગ્રહ પાટલા પૂજન   શ્રી બિંદુબેન અમિતભાઈ પરીખ
- દશ દિક્પાલ પાટલા પૂજન   શ્રી ગુરુદેવ પસાય ગ્રુપ, હ. કુસુમબેન, પૂના

**માગસર સુદ-૮, ગુરૂવાર, તા. ૦૧.૧૧.૨૦૨૨**

- ૧૮ અભિષેક તથા ગુરૂમૂર્તિ અભિષેક ધ્વજદંડ કળશ – અભિષેક

**માગસર સુદ-૯, શુક્રવાર, તા. ૦૨.૧૧.૨૦૨૨**

- બિંબ પ્રતિષ્ઠા વખતે કંકુ થાપા શીતલબેન ચીરાગભાઈ શાહ-અમદાવાદ
  રૂપાબેન ધિરેનભાઈ શાહ – અમદાવાદ
- મહાપ્રભાવી રોગ-શોક નિવારક શ્રી લઘુશાંતિસ્નાત્ર
  શ્રી કંકુબેન અચલચંદજી જૈન (દાવણગેરે)

**માગસર સુદ-૧૦, શનિવાર, તા.૦૩.૧૨.૨૦૨૨**

- નેમિના ભગવાનના જિનાલયનું દ્વાર ઉદ્‌ઘાટન
  શ્રી દેવીન્દ્રાબેન મનહરભાઈ ભોગીલાલ શાહ
- શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયનું દ્વાર ઉદ્‌ઘાટન
  શ્રી પ્રીતિ હિમાંશુ શાહ પરિવાર (યુ.એસ.એ.)
- શ્રી ગોમેધયક્ષ દેરીનું દ્વાર ઉદ્‌ઘાટન
  હેમલ, પીન્કી, વનય શાહ પરિવાર (મુંબઈ)
- સત્તરભેદી પૂજા — સ્વ.શ્રી કિશોરભાઈ ગુલાબચંદ ફૂલચંદ શાહ

## છાપરીયાળી પાંજરાપોળ

છાપરીયાળી પાંજરાપોળ ખાતે હાલમાં ૨૨૦૦ જેટલા નાના-મોટા પશુઓની સાર-સંભાળ કરવામાં આવે છે. ગયા વરસે ૧૬૩૦૦ પશુઓની સારવાર કરવામાં આવી હતી જ્યારે ૨૮ પશુઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા. ગયા વરસે પાંજરાપોળને ૨૬ લાખ રૂપિયાનો ઘાસચારો પશુઓ માટે દાનરૂપે મળ્યો હતો.

ગયા વર્ષ દરમ્યાન દાન પેટે સંસ્થાને ત્રણ કરોડ પંચોતેર લાખ જેટલા રૂપિયા પ્રાપ્ત થયા હતા જ્યારે વર્ષ દરમ્યાન ત્રણ કરોડ ચોરાણું લાખ રુપિયા પાંજરાપોળ ખાતે ખર્ચ થયા હતા.

વીશેક લાખ આસપાસનો તોટો પાંજરાપોળને ગયા વરસે પડ્યો હતો.

શ્રી ગિરનારજી તીર્થ ઉપર મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયના પ્રથમ રંગમંડપમાં બિરાજમાન થનાર શ્રી તીર્થંકર ભગવાન શ્રી ગણધર ભગવાન તથા અન્ય પ્રતિમાજીઓ તથા લાભાર્થી

| | |
|---|---|
| - શ્રી નેમિનાથ ભગવાન | પ.પૂ.આ.શ્રીઅશોક-સોમચંદ્રસૂરિના આશિષ<br>માતુશ્રી માયાબેન શાંતિલાલ દોશી નિતીન, તેજલ |
| - સતી શિરોમણિ રાજીમતીજી | આ. હેમવલ્લભસૂરિ મ.સા.ના શુભઆશિષથી<br>પલ્લવીબેન વિજયભાઈ વોરા-બોરીવલી |
| - શ્રી વરદત્ત આદિ<br>૧૮ ગણધર ભગવંત | નિર્મળા પ્રવિણ ભીખમચંદ કટારીયા, શ્રેણીક-પ્રાચી,<br>રોનક-પાયલ, રેયાન, હ્રિધાન, કિયાના, રાયના |
| - શ્રી શાંતિસૂરિ મ.સા.<br>(ગુરૂ મૂર્તિ) | શૈલેષભાઈ, મયુરભાઈ, ફેનીલ-નિધિ, નિલય-ચાર્વી,<br>મલય-હિમાની, ફાલુન-હેલી, હની-ધ્યાની |
| - શ્રી હેમચંદ્રાચાર્ય મ.સા.<br>(ગુરૂમૂર્તિ) | પ.ચંદ્રશેખરવિજયજી મ.સા.ની કૃપાથી<br>ઈલા અરવિંદ શાહ, કેનાલી-ઋષભ, હેતાંશી-હેમ |
| - શ્રી કુમારપાળ મહારાજા<br>(શ્રાવક પ્રતિમાજી) | સા.શ્રી હંસકીર્તિશ્રીજીની કૃપાથી અરુણા નવીનચંદ્ર<br>સેજલ-નિમેષ, જીજ્ઞા-હિતેષ, ધૃવીશ, હિલોની |
| - શ્રી નેમિનાથ ભગવાન<br>(ગોખલામાં ઉપર) | આ.હેમવલ્લભસૂરિની કૃપાથી અરુણા વસંત પરીખ,<br>નિર્મળા શશીકાંત કામાણી, હંસા વસંત મહેતા |
| - સત્ત્વ શિરોમણિ રહનેમીજી<br>(ગુરૂમૂર્તિ) | હૃદયવિણાબેન નવીનચન્દ્ર કાપડીયા, શૈફાલી-ધીરેન,<br>જક્ષા-જિજ્ઞેશ, પાર્શ્વ-ઝીલ, સૃષ્ટિ, નેન્સી |

મુખ્ય જિનાલયની બહાર શ્રી નેમિનાથ ભગવાનની જમણી બાજુએ શ્રી ગોમેધયક્ષની પ્રતિમાજી તથા ધજાદંડ-કળશ પ્રતિષ્ઠા તથા ડાબીબાજુએ અંબિકાદેવીની દેરી પર કળશની પુનઃપ્રતિષ્ઠા

| | |
|---|---|
| - શ્રી ગોમેક્ષયક્ષ | કમળાબેન જયંતીલાલ શાહ પરિવાર,<br>હ. હેમશેખર, અનીતા, દર્શન, પ્રકૃતિ-કુશન |
| - શ્રી ગોમેધયક્ષ દેરી પર<br>સુવર્ણરસિત ધ્વજદંડ તથા કળશ | સૂરિરાજ ઉપકાર સ્મૃતિ શિરીષ-મૃણાલિની<br>જગત-સમકિતા રાજ, દર્શિત, ભૂમિકા, પ્રીઆન |
| - શ્રી અંબિકાદેવી દેરી પર<br>સુવર્ણરસિત કળશ | માયાબેન શાંતિલાલ દોશી, નિતીન, તેજલ, કૌતુક,<br>તત્ત્વેશ, શૈલા, કિર્તીકુમાર, રિદ્ધિ, શ્રેણીક |

શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના રંગમંડપમાં પ્રવેશતા ડાબીબાજુ બિરાજમાન શ્યામ વર્ણના શ્રી નેમિનાથ ભગવાનની જમણીબાજુથી શરૂ કરતાં બિરાજમાન થનાર ત્રણ ચરણપાદુકાઓ, અતીત ચોવીસીના ભગવાન, ગુરૂપાટ પરંપરા, ગુરુ પાદુકા તથા ગુરૂમૂર્તિઓ

| નામ | લાભાર્થી |
|---|---|
| - ચરણપાદુકાઓ<br>શ્રી આદીશ્વર ભગવાન<br>શ્રી નેમિનાથ ભગવાન<br>સતી શિરોમણી રાજીમતી | શાહ વિમળાબેન પોપટલાલ (વડસ્મા)<br>પરેશ, દર્શના, પરિન, ભવ્ય, ઝરણાં,<br>અક્ષય, ધ્યાની, ક્રિયાંશ |
| - શ્રી સંપ્રતિસ્વામી | લીલાવંતી નેમચંદ ટોલિયા, હ. જીતેન્દ્ર,પ્રીતિ,<br>વિશાલ, શીતલ, દેવલ, ધર્મપ્રેમી પરિવાર |
| - શ્રી સ્યન્દનસ્વામી | માતુશ્રી વિલાસબેન પ્રવીણચંદ્ર અમૃતલાલ મહેતા<br>(ખંભાવાળા) હ. મિહિર-વનિતા, હર્ષ, પાર્શ્વી |
| - શ્રી શિવંકરસ્વામી | આ. હેમવલ્લભસૂરિ મ.સા.ની કૃપાથી પ્રિયાંશ,<br>પ્રીતિબેન હિમાંશુભાઈ શાહ પરિવાર-(ન્યુજર્સી) |
| - શ્રી શુદ્ધમતિસ્વામી | ચંદ્રા હરેન્દ્ર શેઠ, શ્રેયસી લલિત ઝવેરી,<br>શ્રાવ્ય, દેશના, દિપાલી, પલક, શ્રેનીલ, સચીન |
| - શ્રી જિનેશ્વરસ્વામી | પૂર્ણિમા ભરતભાઈ શાહ (કેનેડા)<br>અમીત, શિલ્પા, ગૌતમ, સિદ્ધ, સ્તુતિ, શાંતિ |
| - શ્રી સાગરસ્વામી<br>(મૂળનાયક ભગવાન) | નિર્મળા પ્રવિણ ભીખમચંદ કટારીયા, શ્રેણીક-પ્રાચી,<br>રોનક-પાયલ, રેયાન, હ્રિધાન, ક્રિયાના, રાયના |
| - શ્રી કૃતાર્થસ્વામી | શ્રી પુણ્યપાલસૂરિ પ્રેરણાથી પાલનપુર મંજુલા કીર્તિલાલ,<br>દિપ્તી, રાજેન, બીજલ, માલવ, સ્નેહા, બિનોય |
| - શ્રી યશોધરસ્વામી | અરૂણા દિલીપ શાહ, ઉર્મિલા હંનિશ શાહ,<br>વિવાન, ધારા, અંકિત, હિયા, પૂજા, દર્શન |

| | |
|---|---|
| - શ્રી અનિલસ્વામી | કંચનબેન બાબુલાલ શેઠ પરિવાર (થરાદ) કરણ-વત્સલ-વિવેક-નિરાલી-શ્લોક-યુક્તિ, મુંબઈ |
| - શ્રી નમીશ્વરસ્વામી | શૈફાલીબેન ધીરેનભાઈ કાપડીયા-અમદાવાદ, આશાબેન કીશોરભાઈ પારેખ-બેંગલોર |
| - શ્રી અસ્તાગસ્વામી | નરેન્દ્ર, વનમાલા, ચેતન, ડિમ્પલ, પંકજ, નિતૂ, વર્ષા, નિલેશ, પિયુ, પિંકુ, નિધિ, વિશા, ધ્રીવ, નિહાન |
| - ગુરૂચરણ પાદુકાઓ પાટપરંપરા | પૂ.હ્રીંવલ્લભ વિ.કૃપાથી કંચનબેન ગિરધરલાલ હ. ગિરીશ-ઉષા, જીગર-હેમાંગી, કવીશ, મોક્ષ |
| - ચરણ પાદુકાઓ પૂ. રામ-વિજયજી ગણી પૂ.આ.ભ.જિનચન્દ્રસૂરિજી પૂ.આ.ભ.હીરચન્દ્રસૂરિજી | શાહ સવિતાબેન વરધીલાલ હ. ભૂપેન્દ્રભાઈ-માલતી ભૌમીક-પૂર્વી-કિયાંશ, જૈનમ-પંક્તિ |
| - પૂ.આ.ભ.નીતિસૂરિ મ.સા. (ગુરૂ મૂર્તિ-૧) | આ. હેમવલ્લભસૂરિ મ.સા.ની પ્રેરણાથી અ.સૌ. નિર્મળાબેન પ્રવિણચન્દ્ર ભીખમચંદજી કટારીયા |

શ્રી ગિરનારજી મહતીર્થ ઉપર પહેલી ટૂંકે શ્રી નેમીનાથ ભગવાનના મુખ્ય જિનલાયની ભમતીમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના મંડપમાં પ્રવેશતા સામે જમણી બાજુ બિરાજમાન શ્યામ વર્ણના શ્રી નેમિનાથ ભગવાનની ડાબી બાજુથી થનાર અનાગત ચોવીસીના ભગવાન, ગુરૂમૂર્તિ

| **અનાગત તીર્થંકર નામ** | **લાભાર્થી** |
|---|---|
| - શ્રી પદ્મનાભસ્વામી | નિર્મળા પ્રવિણ ભીખમચંદ કટારીયા, શ્રેણીક-પ્રાચી, રોનક-પાયલ,રેયાન, હ્રિધાન, કિયાના, રાયના |
| - શ્રી સુરદેવનાથ ભગવાન | પુષ્પાબેન નૌતમલાલ શાહ હસ્તે, મયુરીકા કિશોર દોશી દેવાંગ - બીજલ, અનુશ્રી-સચીન |

- શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સુશીલાબેન રમણિકલાલ કોઠારી, અમિષી, તેજસ, ક્રિશ (મુંબઈ)
- શ્રી સ્વયંપ્રભનાથ ભગવાન જાગૃતિ પંકજ બારભાયા, હેમાલી, ધરિત, માયશા, જીયા, ઈશા, યશ, ખ્વીશા, જીશાન (મુંબઈ)
- શ્રી સર્વાનુભૂતિસ્વામી બિજલબેન દેવેનભાઈ કંપાણી-મુંબઈ (માંગરોળ), પુત્રી-સના, પુત્ર - રોહન
- શ્રી દેવશ્રુતસ્વામી ફેનીકાબેન-પરાગકુમાર દોશી (મુંબઈ) પુત્રી - પ્રિયાંશી, હનીશી
- શ્રી ઉદયનાથ ભગવાન પૂર્ણિમા ભરતભાઈ શાહ (કેનેડા) અમીત, શિલ્પા, ગૌતમ, સિધ્ધ, સ્તુતિ, શાંતિ
- શ્રી પેઢાલસ્વામી માતુશ્રી વિમલાબેન મોહનલાલ શાહ પરિવાર ગામ-વેરાવળ (હાલ-મુંબઈ)
- શ્રી પોટ્ટિલસ્વામી પૂ.હેમવલ્લભસૂરિ મ. કૃપા-સા. મુક્તિ-પ્રશમધર્માશ્રીજીની પ્રેરણાથી હેમલતા પ્રવિણચંદ્ર
- શ્રી શતકીર્તિસ્વામી સા.શ્રી ઉજ્જવલધર્માશ્રી-હંસપ્રજ્ઞાશ્રી નિર્વેદધર્માશ્રી મ.સા.ની પ્રેરણાથી લલિતા ચંપકલાલ
- શ્રી સુવ્રતનાથ ભગવાન પૂ.અભયશેખર સૂરિ મ.સા.ની કૃપાથી મુ.ક્ષમા-હેમશેખર મ.ની પ્રેરણાથી ભીખીબેન મણીલાલ
- શ્રી અમમનાથ ભગવાન શાહ સીતા-કાંતિ પરિવાર(અનાવલ) રમેશ, રસિક, મહેન્દ્ર, જીતેશ, જાગૃતિ, આશા, સાવિત્રી, રૂપા
- શ્રી પદ્મનાભસ્વામી (મૂળનાયક ભગવાન) માતૃશ્રી સવિતાબેન નગીનદાસ કંપાણી પરિવાર ગામ- માંગરોળ (હાલ - મુંબઈ)
- શ્રી નિષ્કષાયનાથ ભગવાન નિર્મળા પ્રવિણ ભીખમચંદ કટારીયા, શ્રેણીક-પ્રાચી, રોનક-પાયલ, રેયાન, હ્રિધાન, કિયાના, રાયના

| | | |
|---|---|---|
| - | શ્રી નિષ્પુલાકનાથ ભગવાન | આ. મહાબોધિ મ.સા.ની કૃપાથી ડો. અનિશા, જગજીવનદાસ ત્રિભોવનદાસ મહેતા, હ. જય, જયશ્રી, વિજય |
| - | શ્રી નિર્મમસ્વામી | રજનીબેન રશ્મિભાઈ કંપાણી-મુંબઈ (માંગરોળ) કીર્તિબેન મોદી, મુંબઈ (રાજકોટ) |
| - | શ્રી ચિત્રગુપ્તસ્વામી | પૂ.આ.ભ.શ્રી વિજય જયંતસેન સૂરિ મ.સા.ની કૃપાથી દોશી સવિતાબેન રમણલાલ પરિવાર |
| - | શ્રી સમાધિનાથ ભગવાન | શ્રી સુરેન્દ્રભાઈ, સુલસાબેન, સમીર, ઈલા, સૌરભ, બીજલ, ડો. સુજલ, મનીષા શાહ પરિવાર, મુંબઈ |
| - | શ્રી સંવરનાથ ભગવાન | શ્રીમતી દેવીન્દ્રબેન મનહરભાઈ ભોગીલાલ શાહ હ. બિનીતાબેન, વિપુલભાઈ - વડોદરા |
| - | શ્રી યશોધરનાથ ભગવાન | પ્રિયંવદા, ઉષા, કૃપા, હેમા, મયુરી, હેત્વી, વિરતિ, ધર્મી, ટિશ્વા, જૈવી, જિયાના, કૈવન, રીશિત, પ્રક્ષાલ |
| - | શ્રી વિજયનાથ ભગવાન | શ્રીમતી શારદા-મનોહરલાલ જવાનમલજી, સાંડેરાવ(રાજ.)ફર્મઃ યુનિક સ્ટીલ, ચેન્નઈ |
| - | શ્રી મલ્લનાથ ભગવાન | પૂર્વીબેન મિતેનભાઈ કંપાણી - મુંબઈ (માંગરોળ) વિરેન, નીલ, નિશીલ |
| - | શ્રી દેવનાથસ્વામી | પુનિત, ધર્મેશ, જતિન, પૂરવ, દિવ્યેશ, મિત્તલ, તૃપ્તી, ચૈતાલી, અવનિ, ઉષ્મા, નૈમીક, મોક્ષ(અનાવલ) |
| - | શ્રી અનંતવીર્યસ્વામી | કુમારપાળ સોભાગચંદ શાહ - દમણવાળા પ્રવિણાબેન, નિકેશ-ફાલ્ગુની, જૈનીલ, ક્રીશા-મુંબઈ |
| - | શ્રી ભદ્રકૃતસ્વામી | દેસાઈ ભીખાલાલ ગગલદાસ(થરાદ) સુપુત્રઃચંદ્રકાંત, કલ્પેશ, પુત્રવધુઃસંગીતા, સુનીતા |
| - | (ગુરૂમૂર્તિ-૨) પૂ.આ.ભ.નીતિસૂરિ મ.સા. | ગિરનાર તીર્થોદ્ધારક પૂ. નીતિસૂરિ સમુદાયના પૂ.આ.શ્રી વિ.હેમપ્રભસૂરિ મ.સા.નો ભક્તગણ |

## પેઢી હસ્તકના તીર્થોમાં ચાલતા કાર્યો
## શ્રી શત્રુંજય મહાતીર્થ

**સિવિલનાં કામોની વિગત :-**

- શેઠ શ્રી નેમનાથ ભગવાનની ચૌરીના જીનાલય પાછળ તથા જગતશેઠના ટાંકા પાસે ભુલભુલામણી વિસ્તારની તૂટી ગયેલ દીવાલનું કાર્ય પ્રગતિ ઉપર છે. રીપેરીંગનું ૬૦ % જેટલું કામ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીનું કામ જલ્દીથી પૂરું કરવાની કોશિશ છે.
- સગાળપોળમાં ન્હાવાના ધાબાનું કાર્ય છે. નક્કર પથ્થરનું ગ્રાઉન્ડ હોવાથી કામ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે.
- નવટૂંકમાં પાણીનાં ત્રણ ટાંકા પાસેનું આવરા વાળી દીવાલનું લેવલીંગ વગેરેકાર્ય પૂર્ણ થયેલ છે.
- કપડવંજ દેરાસરની બાજુમાં બે બારાની નવી દીવાલનું વધારેલ કામ હાલ ચાલુ છે.
- સિધ્ધવડમાં તાઉ-તે વાવાઝોડા દરમ્યાન પડી ગયેલ વૃક્ષોને ફરીથી ઉગાડવાનું કાર્ય પૂર્ણ થઈ ગયેલ છે, તથા પવિત્ર રાયણવૃક્ષને સજીવન કરવાનું કાર્ય પણ પૂર્ણ થયેલ છે.
- પવિત્ર ગિરિરાજ ઉપર મોટા રસ્તે તથા ઘેટીપાગના રસ્તે આવતા જતા શ્રમણ-શ્રમણી ભગવંતો ને તેમજ સાધર્મિકો વગેરેને રાહત થાય તે માટે વૃક્ષો ઉગાડવાનું કાર્ય ટૂંક સમયમાં ચાલુ થશે.

**જુનાગઢ - ગિરનારજી સિવિલનાં કામોની વિગત**

- શ્રી ગિરનારજી ખાતે સી.પી.ડબ્યુ.ડી. સ્ટાફ ક્વાર્ટર્સની ૪૪ કોલમોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, તથા પાછળનાં ભાગની દીવાલ જે લગભગ ૭ ફુટ જેટલી ધસી પડેલ હતી તેના પાયનું પુરાણ કરીને ફરીથી ઉભી કરવામાં આવેલ છે ક્વાર્ટર્સમાં ડીવાઈડર વોલનું ચણતરકામ ચાલુ કરેલ છે. પ્લાસ્ટર, ફલોરિંગ, પ્લમ્બિંગ કલરકામ બાકી છે.

- ગિરનારજી ઉપર યાત્રાળુ વિશ્રાંતિ શેડની ઉપર સરકાર તરફથી ૩૦ સોલાર પ્લેટો ફીટ કરવામાં આવેલ છે, ઈલેક્ટ્રિક કનેક્શન મળશે એટલે તુરંત ચાલુ થઈ જશે. હાલ પી.જી.વી.સી.એલ.નાં કર્મચારીઓ આવીને ૩ ફેઈઝ મીટર અને સોલાર જનરેશનનું મીટર લગાવી ગયેલ છે.
- વાવાઝોડામાં ક્ષતિગ્રસ્ત લાઈટનીંગ અરેસ્ટર ફરીથી ઉભા કરવાનું કામ ચાલુ છે.
- યાત્રાળુ વિશ્રાંતિ ગૃહનું કામ પૂર્ણ થઈ ગયેલ છે, એને તેનો વપરાશ ચાલુ થઈ ગયેલ છે.
- વસ્તુપાળ તેજપાળ દેરાસરનું વોટર પ્રુફીંગ નું કામ હાલ ચાલુ છે.
- શ્રી નેમિનાથ જિનાલયનાં શિખરમાં બેસી ગયેલ પથ્થરને રીટેઈન કરવાનું કાર્ય ચાલુ છે. પથ્થરની નીચે સીસમનાં લાકડાનાં સપોર્ટ લગાવવામાં આવેલ છે.
- શ્રી ગિરનારજી ઉપર સાધર્મિકોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી હોઈ જ્ઞાનવાવ પાસેની જગ્યામાં એક નવો કુંડ આશરે ૩ લાખ લીટર કેપેસીટીનો તથા નેચરલ કુંડને સાડા ત્રણ ફૂટ ઉંચો કરીને ૬૫૦૦૦ લીટર પાણીની કેપેસીટી વધારવાની મંજુરી તાજેતરમાં આપેલ છે. નેચરલ કુંડની કામગીરી પૂર્ણ થયેલ છે.
- જૂનાગઢ બાબુવંડામાં સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ધર્મશાળાની બાજુની કોમન જગ્યામાં વાડાની સગવડ કરવામાં આવેલ છે. હાલ વાડાને પતરાથી કવર કરવાનું કામ ચાલુ છે.
- તળેટીએ કાન્તાબા સંકુલના ટેરેસ ઉપર ઈલેક્ટ્રિક સોલાર સીસ્ટમ ફીટ કરેલ છે.
- કાન્તાબા સંકુલ તથા બાબુવંડામાં ભગવાનને ચડાવવા માટે પુષ્પોનો બગીચો તૈયાર કરેલ છે.

## કુંભારીયાજી તીર્થ

- ધર્મશાળા, અતિથી ભુવન, મુખ્ય ઓફીસ તથા ભોજનશાળામાં પરગોળામાંથી પડતા વરસાદી પાણીને રોકવા માટે ફાઈબરનાં શેડ નાખવાની પ્રક્રિયા હાથ ધરેલ છે.

- સ્ટાફ ક્વાર્ટર્સમાં નીચેનાં મકાનમાં પાછળની તરફ સેફટી ગ્રીલ નાખવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. સમગ્ર પરિસરની બાઉન્ડ્રીવોલનાં રીપેરીંગ તથા ફેન્સીંગ કામ માટેની કાર્યવાહી ચાલુ છે.
- પવિત્ર યાત્રા ધામ વિકાસબોર્ડ ગાંધીનગરના સહયોગથી હાલમાં ૧૦ કિલો વોટનાં સોલાર પ્લાન્ટથી લગભગ ૧૦૦૦ યુનિટ વિજળી જનરેટ થાય છે, જેનાથી માસિક સાત થી આઠ હજાર રુપિયાની બચત થઈ રહેલ છે.

**તારંગાજી તીર્થ**

- મુખ્ય જિનાલય પરિસરમાં સ્થિત શ્રી નંદીશ્વરદ્વીપ, ચૌમુખજી અને અષ્ટાપદજીનાં જિનાલયમાં મઠારકામ અને ફિનીશીંગ કાર્ય પૂર્ણ થયેલ છે. તેમજ પરિસર સ્થિત શ્રી કુંથુનાથ ભગવાન જિનાલયનું તથા પાંચ દેરીઓ, ચૌમુખજીનાં ઓટલા ઉપર મઠાર કામ તથા ફિનીશીંગનું કાર્ય હવે ચાલુ થશે.
- શ્રી સિદ્ધશીલા અને શ્રી કોટિશિલા ઉપરની દેરીઓના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રગતિ પર છે.
- મુખ્ય જિનાલયની પાછળ નવી બાઉન્ડ્રીવોલનું કામ ચાલુ છે અને દિવાલ ઉપર પથ્થર લગાડવાનું કામ ચાલી રહ્યું છે.
- રસ્તાની સાઈડમાં દિવાલો બનાવીને બગીચો બનાવવાનું કામ પ્રગતિમાં છે.
- મોક્ષશીલાની દેરી સુધીનાં રસ્તાનું સમારકામ હાથ ઉપર લેવામાં આવેલ છે.
- ગુજરાત ટુરીઝમનાં સહયોગથી યાત્રિકો માટે ન્હાવા માટેનાં બાથરૂમ કોમ્પ્લેક્ષનું કામ ચાલી રહ્યું છે. જેમા જેન્ટસ - લેડીઝ માટે અલગ - અલગ કુલ ૨૦ બાથરૂમ, ૪ ટોઈલેટ, લોકર રૂમ વિગેરેનું પ્રોવિઝન કરવામાં આવેલ છે. આગામી ૩ માસમાં કામ પુરું

કરવાનું લક્ષ્યાંક છે.

- સમગ્ર તીર્થને હરિયાળું કરવા માટે મોટા પાયે વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી કરવામાં આવેલ છે.વર્તમાન ચોમાસામાં આ કાર્ય કરવા માટેની પ્રક્રિયા હાથ ધરેલ છે.
- તારંગા રેલ્વેસ્ટેશ પાસે રહેલ પેઢીની પ્રોપર્ટીને ફેન્સીંગ કરવાનું કામ શરુ કરેલ છે.

## શેરિસા

- શ્રમણ ભગવંતોનાં ઉપાશ્રયનું કલર કામ પૂર્ણ થયેલ છે.
- તીર્થ પરિસર ખાતે સ્થિત જૂની ધર્મશાળાનું રીનોવેશનનું કાર્ય પૂર્ણ કરેલ છે. કલરકામ બાકી છે. ટેરેસ ઉપર વોટર પ્રુફીંગનું કાર્ય તથા ચાઈના મોઝેકનું કાર્ય પૂર્ણ થયેલ છે.
- અત્રે તીર્થ ખાતે યાત્રિકોને પીવાના શુદ્ધ પાણી માટે નર્મદા નિગમમાંથી પાણીની લાઈન લેવામાં આવેલ છે. પાણીનો સપ્લાય શરુ થઈ ગયેલ છે.
- જનરલ ટોઈલેટ બ્લોકનું કામ મંજુર કરી લીન્ટલ લેવલ સુધીનું ચણતર પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીનું કામ ચાલુ છે.

## રાણકપુર

- જમનાભાઈ ભગુભાઈ ધર્મશાળામાં જીકી પ્લાસ્ટરનું કામ ચાલે છે, કસ્તુરભાઈ લાલભાઈ ધર્મશાળામાં નેટ જાળી નું કામ અને ટોઈલેટ બાથરૂમનાં રીનોવેશનનું કાર્ય કરવામાં આવ્યું.
- જિનાલય પરિસરમાંથી વરસાદી પાણીનાં નિકાલ માટે ગ્રીલ ચેનલનાં રીપેરીંગનું કામ ચાલુ છે.
- શ્રી રાજપુરા (સાદડી) ની જમીનની આશરે ૨૫૦૦ ફુટ લાંબી બાઉન્ડ્રી વોલનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. ફેન્સીંગનું કામ ૨૦ ટકા જેટલું બાકી છે. સાદડી ગામમાં આવેલ પડાયેલાની જમીન ઉપર પત્થરની નવી બાઉન્ડ્રી વોલનું બાંધકામ કરેલ છે, અને હાલ ફેન્સીંગ કરવાનું કામ ચાલુ છે.

## દાદા કેટલું બધું ધ્યાન રાખે છે

પૂજ્ય આચાર્ય શ્રી ઉદયરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબની કલમથી 'હૃદય પરિવર્તન' પુસ્તકમાંથી સંકલિત)

વહેલી પરોઢનો સમય છે ખુલ્લુ ભીનું આકાશ છે, લાંબી પરસાળનાં ટેકે આખો બાળ સમુદાય ટટ્ટાર બેઠો છે. નિશાળમાં પ્રાર્થના ચાલી રહી છે. 'મંગલ મંદિર ખોલો' બાળસેનાની આંખો ચમકી ઉઠે છે; હોઠ હસુ હસુ થાય છે, ટટ્ટાર કરોડરજ્જુ થોડી અમળાય છે. બાળસેનાની આંખોએ ટેમ્પાનો ઘરરર... કર્કશ અવાજ સાંભળી લીધો લાગે છે પ્રાર્થના સદ્યફલા હોય તેમ બસ્સો આંખો નિશાળના દરવાજે લટકતી રહી ! - ટેમ્પામાંથી બે જણ ઉતર્યા ને આખી બાળસેનાએ 'આદેસર ભગવાન કી જે' બોલાવી.

દર મહિને લગભગ એકાદ વાર ૩૦૦ ગામોમાં આ જ રીતે હજારો બાળકોનો મીઠો કલશોર આદિના ભગવાનનાં જયકારથી ઉગે છે.

શત્રુંજયના આસપાસના ગામડામાં રહેતા હજારો બાળકો આતુર નજરે આદીશ્વરદાદાની રાહ જોતા હોય છે. આદીશ્વરદાદા જાણે સ્વયં એમને મળવા જાય છે.

દાદા માત્ર આપણા પર કામણ કરે છે એવું નહીં, દર મહિને - બે મહિને તે ગરીબીની ઓળખાણ સમી હોસ્પિટલમાં પણ જાય છે. સહુને એના દિલદાર સ્વભાવની ખબર છે. અલબત્ત, એ છે જે એવો. કેટકેટલાનું ધ્યાન રાખે. એને મન ભરીને ચાહનારા ક્યારેય વિપત્તિમાં સ્વસ્થતા ગુમાવતા નથી. અને ગિરિરાજની આશાતના કરનારા ? ઓહ ડરી જવાય એવું કારમું અંધારું દેખાય છે. આંખ મીંચી જાઉં છું.

ગિરિરાજ પર ૧૮૦ ગધેડા છે, જે રોજ પાણી, રેતી ઈંટ ચડાવે છે, ગિરિરાજ પર ૨૨ પરબ છે. ગિરિરાજ ઉપર દિવસ રાતના અલગ-અલગ ૮૦ ચોકિયાતો છે. ગિરિરાજ પર ૧૭૦ પૂજારી છે. ગિરિરાજ પર ૧૩૦૦ ડોળીવાળા છે જે લાયસન્સ ધરાવે છે અને વિના લાયસન્સ વાળા ૧૦૦૦ વળી જુદા !

કેટકેટલું દાદા સાંભળે છે... સારાને, નરસાને, બધાને જ !

જો કે ગિરિરાજ તો અકારણ વત્સલ છે ને આદીશ્વર દાદા અનાહૂત સહાય છે. અપરાધ કરનારાને પણ દાદા કેટલું બધું આપે છે ! અધ્યાત્મની

વાતો મૂકી દઈએ, ભૌતિકતાની વાત કરીએ તો દર વરસે ગિરિરાજની ફરતે આદપર, ઘેટી, કંજરડા, દેદરડા, જીવાપુર, ડુંગરપુર, રોહીશાળા, હસ્તગિરિ, મુનશીધાર, વીરપુર, લુહારવાવ જેવા ૩૦૦ ગામોની સ્કૂલોમાં દાદા ૭૪,૨૭૭/- કીલો ફળ મોકલે છે. કોરોના પહેલાનો આ સન્ ૨૦૧૭નો આંકડો છે, ૨૦૧૮માં ૭૧,૩૬૯/- કીલો ફળ પ્રભુભક્તોએ ચડાવેલા એ બધા દાદા આદિનાથની પ્રસાદી સ્વરૂપે ડોળીવાળા, માળીઓ, ઉપાડવાવાળા જેવા હજારો લોકોનાં નાના બચ્ચાઓને મળેલા, ક્યાંય કોઈ વેચવાની વાત નહીં. મારા ઋષભ વહેચનારા છે. વેચનારા નહીં !

સન્ ૨૦૧૭માં ૩૩,૩૦૩ કીલો અને સન્ ૨૦૧૮માં ૩૩,૮૬૦ કીલો નૈવેદ્ય દાદાને અર્પણ થયેલું... શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તમામ નૈવેદ્યના ભાગ પાડ્યા. તેમાંથી ગોળ.. છાપરીયાળી પાંજરાપોળના હજારો પશુઓને અને અન્ય મિષ્ટાન ૩૦૦ ગામની નિશાળોમાં ભણતા બાળકોને 'જય આદિનાથ'ના જયઘોષ સાથે પહોંચાડવામાં આવ્યા.

લીલા નારિયેળ સન્ ૨૦૧૭માં ૧૬,૬૧૧ અને સન્ ૨૦૧૮માં ૧૬,૪૪૮ નંગ આવેલા. તમામ નારિયેળ આપણાં યુવાનો ગારિયાધાર, તળાજા, વલ્ભીપુર, જેવા ગામોની હોસ્પિટલમાં બીમાર, અશક્ત અને વૃદ્ધ ગરીબ દર્દીઓને પહોંચાડી આવ્યા.

તળેટી અને દાદાના ચરણે સન્ ૨૦૧૭માં શ્રીફળ ૧,૨૦,૩૦૧ નંગ આવ્યા હતા. ને સન્ ૨૦૧૮માં ૧,૨૨,૪૬૮/- આ બધા શ્રીફળનું શું કરવાનું? શેઠ આણંદજી કલ્યાણજી પેઢી કશું જ કરતી નથી. એવી ફરિયાદ કરનારની અજ્ઞાનતાનું આવરણ હટાવતી વાત વાંચીએ. એ શ્રીફળ (સૂકા નારિયેળ) ફરી ફરી વેચાવા જતા નથી, પારણા ભવનની અગાશીએ સૂકવાય છે. ત્યારપછી એને ફોડીને કોપરું (ટોપરું) બહાર કઢાય છે. ત્યાર પછી તેને પીલાવીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે. એ તેલ નક્કી કરેલા કેટલાય જિનાલયમાં દીવા કાજે અર્પણ કરવામાં આવે છે. કેટલુંક તેલ કોપરેલ તરીકે નાની નાની બોટલોમાં ભરીને માતા-પિતા વિનાનાં બાળકોને માથામાં નાંખવા અપાય છે.શ્રીફળમાંથી નીકળેલી ખોળ-પાંજરાપોળમાં અબોલ પશુઓને નીરવામાં આવે છે. !

આપણા ઘરનાં નાનકડાં પ્રસંગમાં રાખેલા ભોજનસમારંભના વધેલા અન્નનો વહીવટ આપણે નથી કરી શકતા ત્યારે કરોડો રૂપિયાના ફળ નૈવેદ્યની વ્યવસ્થા આપણાં જૈન યુવાનો શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની છત્રછાયા હેઠળ કરે છે. (યાદ રહે સન્ ૨૦૧૭-૧૮ના નૈવેદ્યની અંદાજીત પડતર કિંમત રૂા. સવા બે કરોડ હતી)

આપણે શીખવા જેવું છે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી. આપણા યુવાનો પાસેથી ! તમે માનશો ! આ બધી પ્રક્રિયામાં ૨૦ લાખ રૂપિયા આપણાં યુવાનો સ્વયં ખર્ચ કરે છે. આપણે ત્યાં સ્વામીવાત્સલ્યમાં વધેલી વસ્તુઓને વેચવાનો રીવાજ વકર્યો છે. ત્યારે દાદાની અને શત્રુંજયની તીર્થભક્તિ આ સ્વરૂપે પણ થઈ રહી છે. જેની આપણને ખબર સુદ્ધાં નથી.

કમ સે કમ આપણે નક્કી કરીએ આટલું બધું કાર્ય કરનારી અને સદા ખામોશ રહેનારી આપણી માતૃશક્તિ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માટે અને તેના બાહોશ - સંપૂર્ણ સમર્પિત તીર્થભક્ત યુવાનો માટે યદ્વા-તદ્વા બોલી-લખીને પરંપરાએ ગિરિરાજની આશાતના ન કરીએ... ગિરિરાજ અને પેઢી અભિન્ન અંગ છે. તેની અનુમોદના, તેનો સત્કાર એ તીર્થભક્તિનો લાભ અપાવે છે.


શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના સાંનિધ્યમાં

પારણા ભવન, તળેટી રોડ, પાલીતાણા ખાતે

# વર્ષીતપના સામૂહિક પારણા

**મંગલ દિવસ :-** વૈશાખ સુદ ૩, રવિવાર, તા.૨૩-૦૪-૨૦૨૩ આ વરસે મહામંગલકારી શ્રી આદીશ્વર ભગવાનના દીક્ષાતપના પ્રતીકરુપે સકળ સંઘમાં કરાતા વર્ષીતપના તપસ્વીઓને સામૂહિકરૂપે પારણા કરાવવાનું આયોજન કરાવામાં આવેલ છે. ચાલુવર્ષે પારણાનો લાભ **"શ્રીમતિ અંચીબાઈ નેમિચંદજી લૂણિયા ચેરીટેબલ ટ્રસ્ટ" હસ્તે** : જશવંતરાજજી લૂણિયા અમરાવતીવાળા એ લીધો છે.

**હાર્દિક અનુમોદના**

## પેઢી દ્વારા પ્રકાશિત વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| ૧. | પેઢીનો ઇતિહાસ ભાગ -૧ | રૂા.૫૦/- |
| ૨. | પેઢીનો ઇતિહાસ ભાગ-૨ | રૂા.૫૦/- |
| ૩. | શત્રુંજય ટૂંક (પરિચય પુસ્તિકા) | - |
| ૪. | શત્રુંજય પ્રતિષ્ઠા અહેવાલ | રૂા.૧૫/- |
| ૫. | પાલીતાણા (ફોટોસેટ) | રૂા.૫૦/- |
| ૬. | રાણકપુર (ફોટોસેટ) | રૂા.૫૦/- |
| ૭. | પાલીતાણા, તારંગા, ગિરનાર, રાણકપુર(પોસ્ટર્સ) | રૂા.૩૦/- |
| ૮. | ત્રિભુવનતિક શ્રી રાણકપુર તીર્થ | રૂા.૬૦/- |
| ૯. | ખંભાતના જિનાલય | રૂા.૨૦૦/- |
| ૧૦. | પાટણના જિનાલય | રૂા.૨૫૦/- |
| ૧૧. | વડોદરાના જિનાલય | રૂા.૩૦૦/- |
| ૧૨. | પાલીતાણા શત્રુંજય (મોટું પોસ્ટર) | રૂા.૧૦૦/- |
| ૧૩. | રાણકપુર તીર્થની (ડી.વી.ડી) | રૂા.૨૦૦/- |
| ૧૪. | રાણકપુર તીર્થ - (વામા કોમ્યુનીકેશન વાળી નાની બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂા.૧૦૦/- |
| ૧૫. | રાણકપુર તીર્થ - (વામા કોમ્યુનીકેશન વાળી મોટી બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂા.૧૮૦૦/- |
| ૧૬. | રાણકપુર (સચિત્ર ગાઈડ બુક) હિન્દી, અંગ્રેજી | રૂા.૩૦/- |
| ૧૭. | તારંગાતીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |
| ૧૮. | કુંભારિયાજી તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |
| ૧૯. | શેરિસા તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |

# પેઢીની વેબસાઈટ

## www.anandjikalyanjipedhi.org

હાલમાં આ વેબસાઈટ ગુજરાતી ભાષામાં કાર્યરત છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ વેબસાઈટ જોઈ શકાય તે માટેની કામગીરી ચાલુ છે.

વેબસાઈટમાં પેઢીનો પરિચય, તીર્થોની માહિતી, મહત્ત્વના પ્રસંગો, પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવતા પ્રકાશનો અંગેની માહિતી, પેઢીની પ્રવૃત્તિઓ, આંગી તિથિ તેમજ ભાતા તિથિમાં લાભ લેવા અંગેની અરજીના ફોર્મ, જીર્ણોદ્ધાર, વર્ષીતપ પારણા અંગેના ફોર્મ, તીર્થોના નકશા વગેરે માહિતી ઉપલબ્ધ મળી શકે છે.

પેઢીની અલગ અલગ શાખાઓમાં ઘી બોલીની રકમ, જનરલ દાન તેમજ પાલીતાણા સુવર્ણ મહોત્સવની રકમ ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટમાં જનરલ દાન તેમજ જીવદયા પ્રતિપાલક યોજનાની રકમ પણ પેઢીની ઉપરોક્ત વેબસાઈટ પરથી ઓનલાઈન જમા કરાવી શકાય છે.

ઓનલાઈન સુવિધાઓનો લાભ વધુમાં વધુ લોકો લે, તેના માટેની જાગૃતિ લાવવી પડશે.

નજીકના ભવિષ્યમાં દરેક પ્રકારની યોજના અંગેની રકમ ઓનલાઈન ભરી શકાય તે માટેની કામગીરી હાલમાં ચાલુ છે.

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦31

BOOK - POST

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**